Shreeji Three

Project: Auro Paradise

Survey No.19/B,34/B/2, Talsat Road,Kalali,Vadodara-390012

To,
Gujarat real Estate Regulatory Authority,
Sector-11
Gandhinagar

Subject : Clarification for Talsat minor (Narmada mail canal) control line &Health and Medical Zone 4

REF:- Auro Paradise

ACK No. PR/VADODARA/VADODARA/GUJRERA/230613/014881

Respected Sir,

With reference to above project, we would like to clarify that we have planned project on R.S. No. 34B paiki and R.S. 19/B of moje kalali, Vadodara. We have converted land in Non Agriculture use via order no. N.A./A.R./54/2014-15 dated 03/06/2014.

Sir, we have got the Narmada canal abhipray via letter no 1885/2014 dated 27/05/2014. We have got the construction permission by complying with the said conditions.

Further, in the NA order itself the clarification about the Health zone is mentioned on page no.1 para no 1 of order and on the same basis the Vadodara development authority has approved the construction permission for the same.

Kindly considered the clarification and grant us the registration.

Thanking you.

For,

Shreeji Three

Authorised Signatory

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારશ્રીની સંપૂર્ણ માલિકીનું સાહસ)

નર્મદા યોજના નહેર વિભાગ નં. ૧૦
બ્લોક બી-૨ જા માળે, નર્મદા નહેર ભવન
છાણી જકાતનાકા, વડોદરા-પીન.૩૯૦ ૦૨૪
કાર્યપાલક ઇજનેર

ટેલીફોન : ૦૨૬૫ - ૨૭૭૧૦૮૪ (કચેરી)
ફેકસ : ૦૨૬૫ - ૨૭૭૧૦૩૯
E-mail : ee10ssnnl@gmail.com

જા.નં.ન.યો.ન.વિ.૧૦/પીબી.૧/૨૬/ ૧૬૫ /૨૦૧૪ તારીખ તા.૨૧-૦૫-૨૦૧૪

પ્રતિ,
કલેકટરશ્રી
બિનખેતી શાખા
કલેકટર કચેરી
વડોદરા

વિષય:– મોજે: કલાલી,તા.વડોદરા, સ.નં. ૨૬ બ્લોક ન.૧૯/બ ક્ષેત્રફળ (૦–૨૩–૦૯) ચો.મી. જમીનની રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી બાબત.
અરજદારશ્રી : પટેલ ઉમેશભાઈ જશભાઈ

અનુ :– આપશ્રીની કચેરીના પત્ર નં.જનસેવા/કલમ–૬૫/બારકોડ ન.૨૬૮૨૮ તા૧૧.૪.૨૦૧૪

ઉપરોકત વિષય પરત્વેના અનુસધાનીત પત્રથી મોજે: કલાલી,તા.વડોદરા, સ.નં. ૨૬ બ્લોક ન.૧૯/બ ક્ષેત્રફળ (૦–૨૩–૦૯) ચો.મી. ચો.મી જમીનની રહેણાંકના હેતુ માટે બિનખેતીની પરવાનગી બાબતે અત્રેની કચેરીનો અભિપ્રાય માંગેલ છે.

આ બાબતે સાદર સહ જણાવવાનું કેમોજે: કલાલી,તા.વડોદરાની ઉપરોકત સવાલવાળી જમીનમાંથી અત્રેની કચેરી હસ્તકની તલસટ માઈનોર –૧ પસાર થાય છે. અને તે માટે જમીન સંપાદન કરવામાં આવેલ છે. આથી નીચે જણાવેલ શરતોને આધીન રહી બિનખેતીની પરવાનગી આપવામાં આવે તો અત્રેની કચેરીને વાંધા સરખુ નથી.

શરતો :

(૧) તલસટ માઈનોર –૧ માટે સંપાદીત કરેલ જમીનની હદથી બહાર બન્ને બાજુએ ૫ (પાચ) મીટર ની પહોળાઈમાં કોઈપણ પ્રકારનું સ્થાયી બાંધકામ કરી શકાશે નહી.

(૨) તલસટ માઈનોર –૧ નહેર ઉપર કોઈ પણ પ્રકારનું બાંધકામ થઈ શકશે નહિ તથા માઈનોર નહેરના મરામત અને નિભાવણીના કામ માટે સ.સ.ન.નિ.લી.ના અધિકૃત ઈજારદાર તેમજ અધિકારી / કર્મચારી દ્વારા સદર સર્વે નંબરના વિસ્તારમાં અવર–જવર કરી શકાશે.

(૩) નહેર/કાંસના પાળનો ઉપયોગ કોઈપણ પ્રકારની અવર–જવર માટે કરી શકાશે નહી.

(૪) નહેર/કાંસના પાણીનો ઉપયોગ સ.સ.ન.નિ.લીની પરવાનગી વગર કરી શકાશે નહી.

(૫) કચરો તથા ગંદુ પાણી નહેર/કાંસની હદ રેખામાં અથવા નહેરના પાણીમાં નાખવા દેવામાં આવશે નહી.

(૬) ગટર કે ખાળકુવા ઉપર જણાવેલ હદથી દુર રાખવાના રહેશે.

(૭) કુદરતી અથવા કૃત્રિમ વહેણના પાણીને અવરોધતુ બાંધકામ કરી શકાશે નહી.

(૮) ભવિષ્યમાં નહેરને ઓળંગવા માટે ખાતેદાર તરફથી નાળા–ગરનાળાની માંગણી કરવામાં આવશે તો ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૯) નહેર/કાંસના બાંધકામને સીધી કે આડકતરી રીતે નુકશાન થાય તેવુ બાંધકામ કે અન્ય કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ કરી શકાશે નહી.

(૧૦) નહેર/કાંસના પાણીથી થનાર નુકશાન સામે રક્ષણ કે વળતર આપવામાં આવશે નહી.

(૧૧) ઉપરોક્ત શરતો ઉપરાંત ભવિષ્યમાં નિગમને યોગ્ય લાગે તેવી શરતો રાખવામાં આવે તો ખાતેદારને બંધનકર્તા રહેશે.

બિડાણ:– નકશાની નકલ

કાર્યપાલક ઈજનેર
ન.યો.નહેર વિભાગ નં.૧૦
વડોદરા

➢ નકલ રવાના પ્રતિ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,ન.યો.નહેર પેટા વિભાગ નં.૧૦/૩ પાદરા તરફ તેઓશ્રીના પત્ર ન.૨૫૭ તા.૨૨.૫.૨૦૧૪ અન્વયે જાણ સારૂ.

અત્યંત જરૂરી / સમય મર્યાદા

નં.જનસેવા/બીનખેતી/કલમ–૬૫/બારકોડ નં.:– ૨૬૮૨૮
જનસેવા કેન્દ્ર, કલેકટર કચેરી,
કોઠી બિલ્ડીંગ, વડોદરા
તા.૧૧/૦૪/૨૦૧૪.

(૧) **કાર્યપાલક ઈજનેરશ્રી,**
(સરદાર સરોવર નર્મદા નિગમ લી.)
કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
નર્મદા યોજના નહેર **વિભાગ નં–૧૦,**
નર્મદા નહેર ભવન,
બ્લોક –બી,બીજો માળ,
છાણી જકાત નાકા,
વડોદરા–૩૯૦ ૦૦૨.

વિષય :– મોજે**કલાલી** તા. **વડોદરા.સ.ન.:– ૨૬ બ્લોક નં : –૧૯/બ ફા.પ્લોટ નં.: ––– ટી.પી સ્કીમ નં.:––– ક્ષેત્રફળ :–૦– ૨૩–૦૯ ચો.મી.**
જમીનની રહેણાંક ના હેતુ માટે બીનખેતીની પરવાનગી બાબત.
અરજદારશ્રી:– પટેલ ઉમેશભાઈ જશભાઈ.
ઓપન હાઉસ તારીખ :– ૧૨/૦૫/૨૦૧૪.

:: નોટીસ::

આથી આ નોટીસ આપી જણાવવાનું કે અરજદારે ઉપરોકત સ.નં/બ્લોક નં.ની બીનખેતીની પરવાનગી મળવા માંગણી કરેલ છે.

સવાલવાળી જમીનમાંથી **સુચિત નર્મદા યોજના તલસટ માઈનોર –૧ કેનાલની અસર થાય છે**. તો આ કામે આપની એનઓસીની જરુરીયાત હોઈ સવાલવાળી જમીન બિનખેતીમાં ફેરવવા સંબંધે આપને કોઈ વાંધો હશે તો આ નોટીસ ઈસ્યુ થયાની તારીખથી દિન–૨૧માં અત્રે મોકલી આપવા વિનંતી છે.

સરકારશ્રીનાં મહેસુલ વિભાગના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૧/૭/૨૦૦૮માં જણાવ્યા પ્રમાણે " આ નોટીસ ઈસ્યુ થયા તારીખથી ૨૧–દિવસમાં પ્રશ્ન હેઠળની જમીન બિનખેતીમાં ફેરવવા સંબંધે આપના ધ્વારા કોઈ વાંધો લેવામાં આવશે નહી તો આ બાબતે આપને કોઈ વાંધો નથી તેમ માની બિનખેતી પરવાનગી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે."

વિશેષમાં આપના તરફથી નિયત સમય – મર્યાદામાં જો માંગ્યા મુજબનો અભિપ્રાય નહી મળે તો, આપને વાંધો નથી એમ માની બીનખેતી પ્રકિયા હાથ ધરાઈ જશે અને પાછળથી જો આ બાબતે કોઈ તકરાર કે વાંધો ઉપસ્થિત થાય તો ,અભિપ્રાય નહી આપનાર સક્ષમ સતાધિકારીના જવાબદાર અધિકારીશ્રીની "અંગત જવાબદારી રહેશે,તેની ખાસ નોંધ લેવા વિનંતી છે."

કલેક્ટર વડોદરા વત

નકલ રવાના:– અરજદાર શ્રી શ્રી.પટેલ ઉમેશભાઈ જશભાઈ .રહે. C/O,એ–૩૦,શ્રીજી બંગ્લોઝ,સન ફાર્મા રોડ,અટલાદરા,વડોદરા તરફ જાણ સારૂ.

૨/ માંગણીવાળી જમીનની **સુચિત નર્મદા યોજના તલસટ માઈનોર –૧ કેનાલની અસર થતી હોવાથી** જરૂરી પુરાવા તેઓની કચેરીમાં રજુ કરવા તથા **એન.ઓ.સી. દિન–૭** માં રજુ કરવા વિનંતી છે.

વિષય :– મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૧૯/બ (સ.નં.૨૬) ની ૨૩૦૯ ચો.મી. જમીનની રહેણાંકના હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૫ હેઠળ પરવાનગી

એન.એ./એસ.આર./ ૫૪ / ૨૦૧૪–૧૫
નં.જમીન–ડી/કલમ–૬૫/વશી/૩૦૬૮ થી ૩૦૭૬/૧૪
બીનખેતી શાખા, કલેક્ટર કચેરી, વડોદરા.
તારીખ : ૦૩/ ૦૬ / ૨૦૧૪

વંચાણમાં લીધા :–

(૧) અરજદારશ્રી પટેલ ઉમેશભાઈ જશભાઈ રહે.C/O એ–૩૦, શ્રીજી બંગ્લોઝ, સન ફાર્મા રોડ, અટલાદરા, વડોદરાની મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૧૯/બ (સ.નં.૨૬) ની ૨૩૦૯ ચો.મી. જમીનની રહેણાંકનાં હેતુ માટે બિનખેતીની પરવાનગી મળવા બાબતની તા.૧૧/૦૪/૧૪ ની અરજી

(૨) મામલતદારશ્રી, વડોદરા (શહેર) ના પત્ર નં.જમીન/વશી/૪૨૮/૨૦૧૪ તા.૦૭/૦૫/૨૦૧૪ થી રજુ થયેલ દરખાસ્ત/ અભિપ્રાય.

(૩) મામલતદાર અને કૃષિપંચશ્રી, વડોદરાના પત્ર નંબર ટેનન્સી/એસઆર/૧૨૭/૧૪, તા.૦૬/૦૫/૧૪ થી રજુ થયેલ અભિપ્રાય.

(૪) નગર નિયોજકશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના પત્ર નં.યુડીએ/પ્લાન–૧/૨૫૩/૧૪ તા.૦૭/૦૫/ ૨૦૧૪ નો પત્ર

(૫) સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ, વડોદરાના પત્ર નંબર જા.નં.ન.યો.ન. વિ.નં.૧૦/ પીબી.૧/૨૬/૧૮૮૫/સને–૨૦૧૪ તા.૨૩/૦૫/૨૦૧૪

(૬) જમીન સંપાદન અધિકારીશ્રીઓ (૧) નાયબ કલેક્ટરશ્રી વડોદરા (શહેર) ના પત્ર નં.જમીન/વશી/૨૦૯૪/૧૪ તા.૨૧/૦૪/૧૪ (૨) નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી એકમ–૧, વડોદરાના પત્ર નં.જસં/વળતર/વશી/૩૧૬/૧૪ તા.૦૩/૦૫/૧૪ (૩) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,નર્મદા એકમ–૧,વડોદરાના પત્ર નં.જશ/ નં.યો. વડોદરા–૧/વશી/ એસઆર/૨૯૫/૧૪ તા.૦૫/૦૫/૧૪ (૪) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા,એકમ–૨, વડોદરાના પત્ર નં.જસં–૨/નયો/વડો–૨/ વશી/૮૭૧/૨૦૧૪ તા.૦૫/૦૫/૧૪ તેમજ (૫) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા, એકમ–૩, વડોદરાના પત્ર નં.જશ ન.યો.વડોદરા–૩/ વશી/અભિ/ એસ.આર/૩૦૦/૨૦૧૪ તા.૦૯/૦૫/૧૪ થી રજુ થયેલ અભિપ્રાયો.

(૭) સરકારશ્રીના મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

(૮) તા.૧૩ / ૦૫ /૧૪ ની કાર્યાલય નોંધ ઉપર અપાયેલ આદેશ

હુકમ :–

મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૧૯/બ (સ.નં.૨૬) ની ૨૩૦૯ ચો.મી. જમીનની ૭/૧૨ ના રેકર્ડમાં કબજેદાર તરીકે શ્રી પટેલ ઉમેશભાઈ જશભાઈનાં સ્વંતત્ર નામે ચાલે છે. જે ૨૩૦૯ ચો.મી.જમીનની રહેણાંકના હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા આમુખ–૧ માં દર્શાવેલ અરજીથી બીનખેતી પરવાનગી માંગેલ છે. આમુખ નં.૪ માં દર્શાવેલ પત્રથી વડોદરા શહેરી વિકાસ મંડળ, વડોદરાએ હાલ અમલી દિ.પુ.વિ.યોજના મુજબ હેલ્થ એન્ડ મેડીકલ નોડ–૪ માં આવે છે. અરજદારશ્રીએ અત્રે કલાલીના બ્લોક નં.૩૫,૧૯/બ અને ૩૪/બ ની જમીનોનું સંયુકત આયોજન કરી વિકાસ પરવાનગી મેળવવા અત્રે અરજી કરેલ છે. જેથી સંયુકત આયોજનની એરિયા ૧૦,૦૦૦ ચો.મી.કરતા વધુ થતો હોય અને આયોજન સંયુકત રાખે તે શરતે, વુડાના અમલી જી.ડી.સી.આર અન્વયે હેલ્થ એન્ડ મેડીકલ નોડ–૪ માં રહેણાંકનો હેતુ મળવાપાત્ર હોઈ તે હેતુ માટે બિનખેતીની પરવાનગી આપવામાં આવે તો ઝોનની દૃષ્ટિએ વાંધા સરખું નથી, તેમ અભિપ્રાય આપેલ છે. સબબ વુડાના અભિપ્રાયમાં દર્શાવ્યા મુજબ સંયુકત આયોજન રાખવાનું રહેશે.

સદર કામે મામલતદારશ્રી, મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે મામલતદારશ્રીએ, નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની ફેરફારો નોંધની ટુકી વિગતો દર્શાવતુ પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે. તથા સવાલવાળી જમીનમાં રહેણાંક હેતુની બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે આમુખ–૨ માં દર્શાવેલ પત્રથી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

આમુખ–૩ માં દર્શાવેલ મામલતદાર અને કૃષિપંચશ્રી, વડોદરાના પત્રથી રજુ થયેલ અભિપ્રાય મુજબ સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા અંગે ગણોતધારાની જોગવાઈઓનો ભંગ થયેલાનું જણાતું નથી. સવાલવાળી જમીન અંગે ગણોતધારા હેઠળ કોઈ કેસ અત્રેની કચેરીમાં ચાલતો નથી કે પેન્ડીગ નથી. તે જોતાં ગણોતધારાની જોગવાઈઓ પરત્વે સવાલવાળી જમીનમાં બિનખેતી પરવાનગી આપવા હરકત સરખું ન હોવાનો અભિપ્રાય આપેલ છે.

આમુખ–૫ માં દર્શાવ્યા મુજબ કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.ન.વિ.નં.૧૦ ના પત્રમાં જણાવેલ શરતો મુજબ નહેર માટે સંપાદીત કરેલ જમીનની હદથી બહાર બંન્ને બાજુએ ૫ (પાંચ) મીટર પહોળાઈમાં કોઈ પણ સ્થાયી બાંધકામ કરી શકાશે નહી તથા પાળાનો કે નહેરનાં પાણીનો ઉપયોગ કરી શકાશે નહી તેમજ નહેરના બાંધકામને નુકશાન થાય તેવી પ્રવૃતિ કરી શકાશે નહી. તેમજ અન્ય શરતોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

આમુખ–૬ ના પત્રોથી મળેલ અહેવાલો મુજબ સવાલવાળી જમીન અંગે તેઓની કચેરીમાં સંપાદનની કોઈ કાર્યવાહી ચાલુમાં નથી.

મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૧૯/બ (સ.નં.૨૬) ની ૨૩૦૯ ચો.મી.જમીન અંગે હકકપત્રકમાં નીચે મુજબની ફેરફાર નોંધો પડેલ છે.

ક્રમ	નોંધ નંબર	તારીખ	નોંધની ટુંકી વિગત
		સ.નં.૨૬	
૧	૧/૫૫		વેચાણની નોંધ
૨	૧૬	૩૦/૦૧/૫૩	તારણની નોંધ
૩	૪૯૭	૩૦/૦૯/૬૪	આકાર દુરસ્તીની નોંધ
૪	૭૫૧		લાગુ પડતી નથી
૫	૭૮૭	૧૬/૦૮/૭૫	સંયુકત નામે દાખલની નોંધ
૬	૮૪૮	૧૦/૦૬/૭૮	વહેંચણની નોંધ
૭	૧૦૬૬	૦૪/૦૬/૮૮	બોજા દાખલની નોંધ
૮	૧૧૦૧	૨૯/૦૬/૮૯	બોજા દાખલની નોંધ
૯	૧૧૪૬/૧	૦૯/૦૭/૯૨	બોજા દાખલની નોંધ
૧૦	૧૨૦૧	૧૪/૧૧/૯૫	અવોર્ડની નોંધ
૧૧	૧૨૩૨	૨૦/૦૯/૯૬	કે.જે.પી.ની નોંધ
૧૨	૧૩૦૧	૦૯/૦૮/૯૯	બોજા દાખલની નોંધ
૧૩	૧૭૧૦	૦૭/૦૬/૦૮	હુકમની નોંધ જે "રદ" થયેલ છે
૧૪	૧૭૫૦	૨૧/૦૭/૦૮	પ્રમોલગેશન હુકમની નોંધ
૧૫	૧૯૦૬	૨૫/૦૫/૧૦	હયાતીમાં હકક દાખલની નોંધ જે "રદ" થયેલ છે
૧૬	૨૨૮૮	૦૫/૦૪/૧૪	બોજા મુકતીની કાચી નોંધ

જો સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુસર બીનખેતી પરવાનગી આપવામાં આવશે તો, જે કોઈ શરતો પાળવાની થશે તે પાળવા અરજદારશ્રીએ સંમતિ જવાબ આપેલ છે. આર્કીટેકનું પ્રમાણપત્ર તથા સુચિત લે–આઉટ પ્લાન રજુ કરેલ છે. સુચિત લે–આઉટ પ્લાન બ્લોક નં.૧૯/બ, ૩૪/બ પૈ. અને ૩૫ ની જમીનોનો સંયુકત રજુ થયેલ છે. જેમાં બ્લોક નં.૧૯/બ ની જમીનમાં આર્કીટેકના સર્ટીફીકેટ પ્રમાણે નીચે મુજબ પ્લાનીગ દર્શાવેલ છે.

જમીનની વિગત	ક્ષેત્રફળ (ચો.મી.માં)
કોમન પ્લોટ	૩૮૨.૮૯
નેટ એરીયા	૧૯૨૬.૧૧
કુલ ક્ષેત્રફળ	૨૩૦૯.૦૦

ઉપરોકત હકીકત તથા રજુ થયેલ આધાર–પુરાવા તેમજ કેસના કાગળો જોતાં આ અંગે આમુખ–(૭) માં દર્શાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉકત આમુખ–(૨) થી (૬) ના અભિપ્રાયો ધ્યાને લઈ, સવાલવાળી જમીન રહેણાંક હેતુ માટે બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારશ્રીને સદરહું જમીનના રૂપાંતર કરની રકમ, બીનખેતી માપણી ફી તથા અન્ય ઉપકરો સરકારશ્રીમાં જમા કરાવવા અત્રેના તા.૧૩/૦૫/૨૦૧૪ ના પત્રથી જણાવતાં, અરજદારશ્રીએ રૂપાંતરકરની રકમ રૂા.૨૩,૦૯૦/– (અંકે રૂપિયા તેવીસ હજાર નેવું પુરા) તા.૧૬/૦૫/૨૦૧૪ ના રોજ જમા કરાવી અસલ ચલન, બીનખેતી માપણી ફી રૂા.૪,૮૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર આઠસો પુરા) તા.૧૬/૦૫/૨૦૧૪ ના રોજ જમા કરાવી, અસલ ચલન તેમજ બે વર્ષનો એડવાન્સ વિ.ધારો + લોકલ ફંડ રૂા.૨,૬૦૦/– (અંકે રૂપિયા બે હજાર છસો પુરા) શિ.ઉપકર રૂા.૪૩૫/– (અંકે રૂપિયા ચારસો પાંત્રીસ પુરા) તા.૧૩/૦૫/૨૦૧૪ ના રોજ તલાટીશ્રી, કલાલી દ્વારા સરકારશ્રીમાં વસુલ લેવાયેલ છે, તેની અસલ પહોંચો રજુ કરેલ છે.

ઉપર મુજબની હકીકત હોઈ, અરજદારશ્રીને મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૧૯/બ (સ.નં.૨૬) ની ૨૩૦૯ ચો.મી. જમીનની મુંબઈ જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ અન્વયે રહેણાંક હેતુ માટેનો બીનખેતીનો ઉપયોગ કરવા,નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

શ ર તો :–

(૧) ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે,પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠીમેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી. આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીશ્રીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૮) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૯) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવાનું અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૧) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૩) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૫) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૬) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો, શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

વધુમાં અરજદારશ્રીએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.

(૧૭) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુરૂ કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૧૮) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ–૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને વસુલ ભરેલો વિ.ધારો વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિં.

(૧૯) રજાચિઠ્ઠિ,લેઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે બાંધકામ દુર કરાવવામાં આવશે અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે. કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૦) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "એમ" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉકત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૨૧) જે હેતુનું બાંધકામ પુરૂ થયેથી એક માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધિકારીને કબજેદારે કરવાની રહેશે.

(૨૨) આ જમીનની જે હેતુ માટે પરવાનગી આપી છે તે હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં કલેકટરશ્રીની પરવાનગી લેવાની રહેશે. તે વિરૂધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ–૬૭ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૩) " વરસાદી પાણીના ભૂર્ગભ વહન/સંચય માટે દર મકાન /બહુમાળી મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજૂરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે. "

(૨૪) જમીન ધારકશ્રીએ સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી મંજુર થયેલ સુચિત નકશા અને રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે. મંજુર થયેલ રજાચિઠ્ઠી તથા નકશાની નકલ દિન–૩૦ માં રજુ કરવાની રહેશે.

(૨૫) વુડાના જી.ડી.સી.આર ના ઝોનીગ રેગ્યુલેશન મુજબ બાંધકામની પરવાનગી મેળવ્યા બાદ જ અરજદારે બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૨૬) આ જમીનનો વિશેષધારો રહેણાંકના કામે ૨૩૦૯ ચો.મી.નો દર ચો.મી.નાં ૦–૨૫ પૈસા પ્રમાણે રૂા.૫૭૭/– થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે તથા લોકલ ફંડ રૂા.૨૮૯/– અથવા પ્રવર્તમાન દરે તથા શિક્ષણ ઉપકર રૂા.૧૪૫/– વિશેષધારા ઉપરાંત ભરવાનો રહેશે. તે અંગે કોઠારૂપે પત્રક સામેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૭) સવાલવાળી જમીન અંગે અરજદારશ્રીએ રજુ કરેલ સુચિત લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રસ્તા પૈકીની જમીન, કોમન પ્લોટની જમીન અને સહીયારા ઉપયોગ માટે ખુલ્લી રાખેલ જમીનનું કોઈપણ રીતે વેચાણ થઈ શકશે નહી.

(૨૮) ઉપરની કોઈપણ શરત અગર સનદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર અને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યું
મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

કલેકટર વડોદરા

સહી/–
(વિનોદ રાવ)
કલેકટર વડોદરા

પ્રતિ,
શ્રી પટેલ ઉમેશભાઈ જશભાઈ
C/O એ–૩૦, શ્રીજી બંગ્લોઝ,
સન ફાર્મા રોડ, અટલાદરા,
વડોદરા.

<u>નકલ રવાના</u> :–

૧. મામલતદારશ્રી, વડોદરા (શહેર) દક્ષિણ તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૨. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન, ખંડેરાવ માર્કેટ, વડોદરા તરફ જાણ સારૂ.
૩. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, "વુડા સર્કલ", કારેલીબાગ, વડોદરા તરફ જાણ સારૂ.
૪. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર / સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટશ્રી નં.૧, ૨, ૩, ૪ વડોદરા તરફ...
૫. તલાટી કમ મંત્રીશ્રી કલાલી તા.વડોદરા તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારૂ તથા ગામ દફતરે ઉપરોકત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.
૬. જન સેવા કેન્દ્ર,કલેકટર કચેરી,વડોદરા તરફ જરુરી કાર્યવાહી કરવા સારુ.
(BAR CODE NO. VDR 26828)
૭. રેકર્ડ શાખા
૮. સિલેકટ ફાઈલ

મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૧૯/બ (સ.નં.૨૬) ની ૨૩૦૯ ચો.મી.જમીનની રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગીનું પત્રક

બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં., ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ	બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનું ક્ષેત્રફળ	નિયમ મુજબ લેવાનો વિશેષ ધારાની રકમ	વસુલ કરવાની વિશેષ ધારાની રકમ (૦.૨૫ પૈસા.પ્રતિ ચો.મી.)	રૂપાંતરકર લેવાની વિગત (૧૦/– પ્રતિ ચો.મી.)	લોકલ ફંડની વિગત (૦.૫૦ પૈ. વિ.ધારાના)	શિક્ષણ ઉપકરની રકમ (૦.૨૫ પૈ. વિ.ધારાના)	કોલમ–૪ નો વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮
મોજે કલાલી તા.વડોદરા બ્લોક નંબર: ૧૯/બ સર્વે નંબર: ૨૬ ક્ષેત્રફળ (ચો.મી.): ૨૩૦૯ કબજેદારશ્રી :– શ્રી પટેલ ઉમેશભાઈ જશભાઈ	ચો.મી. ૨૩૦૯ (રહેણાંક)	રહેણાંક ના હેતુના દરે દર ચો.મી. ના ૦.૨૫ પૈસા પ્રમાણે	રૂા. પૈસા ૫૭૭/– (અંકે રૂપિયા પાંચસો સીત્યોતેર પુરા)	રૂા. પૈસા ૨૩,૦૯૦/– (અંકે રૂપિયા તેવીસ હજાર નેવું પુરા)	રૂા. પૈસા ૨૮૯/– (અંકે રૂપિયા બસો નેવ્યાસી પુરા)	રૂા. પૈસા ૧૪૫/– (અંકે રૂપિયા એકસો પિસ્તાલીસ પુરા)	હુકમની તારીખના વર્ષથી

નોંધ :– રૂપાંતરકરની રકમ રૂા.૨૩,૦૯૦/– (અંકે રૂપિયા તેવીસ હજાર નેવું પુરા) તા.૧૬/૦૫/૨૦૧૪ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે.

રવાના કર્યુ
મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

સહી/–
(વિનોદ રાવ)
કલેકટર વડોદરા

વિષય :– મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૩૪/બ (સ.નં.૨૩, ૨૪, ૨૫) ની ૨૭૯૩ ચો.મી. જમીનની રહેણાંકના હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૫ હેઠળ પરવાનગી

એન.એ./એસ.આર./ ૫૫ / ૨૦૧૪–૧૫
નં.જમીન–ડી/કલમ–૬૫/વશી/ ૩૦૯૫ થી ૩૧૦૩ /૧૪
બીનખેતી શાખા, કલેક્ટર કચેરી, વડોદરા.
તારીખ : ૦૩ / ૦૬ / ૨૦૧૪

વંચાણમાં લીધા :–

(૧) અરજદારશ્રી પટેલ અશ્વિનભાઈ જશભાઈ રહે.C/O એ–૩૦, શ્રીજી બંગ્લોઝ, સન ફાર્મા રોડ, અટલાદરા, વડોદરાની મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૩૪/બ (સ.નં.૨૩, ૨૪, ૨૫) ની ૨૭૯૩ ચો.મી.જમીનની રહેણાંકનાં હેતુ માટે બિનખેતીની પરવાનગી મળવા બાબતની તા.૧૧/૦૪/૧૪ ની અરજી

(૨) મામલતદારશ્રી, વડોદરા (શહેર) ના પત્ર નં.જમીન/વશી/૪૨૪/૨૦૧૪ તા.૦૭/૦૫/૨૦૧૪ થી રજુ થયેલ દરખાસ્ત/ અભિપ્રાય.

(૩) મામલતદાર અને કૃષિપંચશ્રી, વડોદરાના **પત્ર નંબર ટેનન્સી/એસઆર/૧૨૮/૧૪, તા.૦૯/૦૫/૧૪** થી રજુ થયેલ અભિપ્રાય.

(૪) નગર નિયોજકશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના પત્ર નં.**યુડીએ/પ્લાન–૧/૨૫૫/૧૪ તા.૦૭/૦૫/ ૨૦૧૪** નો પત્ર

(૫) સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ, વડોદરાના પત્ર નંબર જા.નં.ન.યો.ન. વિ.નં.૧૦/ પીબી.૧/૨૬/૧૮૮૪/૨૦૧૪ તા.૨૭/૦૫/૨૦૧૪

(૬) જમીન સંપાદન અધિકારીશ્રીઓ (૧) નાયબ કલેક્ટરશ્રી વડોદરા (શહેર) ના પત્ર નં.જમીન/વશી/૨૦૯૫/૧૪ તા.૨૧/૦૪/૧૪ (૨) નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી એકમ–૧, વડોદરાના પત્ર નં.જસં/વળતર/વશી/૮૭૨/૧૪ તા.૦૫/૦૫/૧૪ (૩) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી,નર્મદા એકમ–૧,વડોદરાના પત્ર નં.જશ/ નં.યો. વડોદરા–૧/વશી/ એસઆર/૨૯૬/૧૪ તા.૦૫/૦૫/૧૪(૪) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા,એકમ–૨, વડોદરાના પત્ર નં.જસં–૨/નયો/વડો–૨/ વશી/૮૭૨/૨૦૧૪ તા.૦૫/૦૫/૧૪ તેમજ (૫) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા, એકમ–૩, વડોદરાના પત્ર નં.જશ ન.યો.વડોદરા–૩/ વશી/અભિ/એસ.આર/૩૦૧/૨૦૧૪ તા.૦૯/૦૫/૧૪ થી રજુ થયેલ અભિપ્રાયો.

(૭) સરકારશ્રીના મહેસુલ વિભાગનો ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

(૮) તા.૧૩/ ૦૫ /૧૪ ની કાર્યાલય નોંધ ઉપર અપાયેલ આદેશ

હુ ક મ :–

મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૩૪/બ (સ.નં.૨૩, ૨૪, ૨૫) ની ૨૭૯૩ ચો.મી.જમીનની ૭/૧૨ ના રેકર્ડમાં કબજેદાર તરીકે શ્રી પટેલ અશ્વિનભાઈ જશભાઈનાં સ્વતંત્ર નામે ચાલે છે. જે ૨૭૯૩ ચો.મી.જમીનની રહેણાંકના હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા આમુખ–૧ માં દર્શાવેલ અરજીથી બીનખેતી પરવાનગી માંગેલ છે. આમુખ નં.૪ માં દર્શાવેલ પત્રથી વડોદરા શહેરી વિકાસ મંડળ, વડોદરાએ હાલ અમલી દિ.પુ.વિ.યોજના મુજબ હેલ્થ એન્ડ મેડીકલ નોડ–૪ માં આવે છે. અરજદારશ્રીએ અત્રે કલાલીના બ્લોક નં.૩૫, ૧૯/બ અને બ્લોક નં.૩૪/બ ની જમીનોનું સંયુકત આયોજન કરી વિકાસ પરવાનગી મેળવવા અત્રે અરજી કરેલ છે. જેથી સંયુકત આયોજનનો એરિયા ૧૦,૦૦૦ ચો.મી.કરતા વધુ થતો હોય અને આયોજન સંયુકત રાખે તે શરતે, વુડાના અમલી જી.ડી.સી.આર અન્વયે હેલ્થ એન્ડ મેડીકલ નોડ–૪ માં રહેણાંકનો હેતુ મળવાપાત્ર હોઈ તે હેતુ માટે બિનખેતીની પરવાનગી આપવામાં આવે તો ઝોનની દૃષ્ટિએ વાંધા સરખું નથી, તેમ અભિપ્રાય આપેલ છે. સબબ વુડાના અભિપ્રાયમાં દર્શાવ્યા મુજબ સંયુકત આયોજન રાખવાનું રહેશે.

સદર કામે મામલતદારશ્રી, મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે મામલતદારશ્રીએ, નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની ફેરફારો નોંધની ટુકી વિગતો દર્શાવતુ પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે. તથા સવાલવાળી જમીનમાં રહેણાંક હેતુની બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે આમુખ–૨ માં દર્શાવેલ પત્રથી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

આમુખ–૩ માં દર્શાવેલ મામલતદાર અને કૃષિપંચશ્રી, વડોદરાના પત્રથી રજુ થયેલ અભિપ્રાય મુજબ સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા અંગે ગણોતધારાની જોગવાઈઓનો ભંગ થયેલાનું જણાતું નથી. સવાલવાળી જમીન અંગે ગણોતધારા હેઠળ કોઈ કેસ અત્રેની કચેરીમાં ચાલતો નથી કે પેન્ડીંગ નથી. તે જોતાં ગણોતધારાની જોગવાઈઓ પરત્વે સવાલવાળી જમીનમાં બિનખેતી પરવાનગી આપવા હરકત સરખું ન હોવાનો અભિપ્રાય આપેલ છે.

આમુખ–૫ માં દર્શાવ્યા મુજબ કાર્યપાલક ઈજનેરશ્રી ન.યો.ન.વિ.નં.૧૦ ના પત્રમાં જણાવેલ શરતો મુજબ નહેર માટે સંપાદીત કરેલ જમીનની હદથી બહાર બંન્ને બાજુએ ૫ (પાંચ) મીટર પહોળાઈમાં કોઈ પણ સ્થાયી બાંધકામ કરી શકાશે નહી તથા પાળાનો કે નહેરનાં પાણીનો ઉપયોગ કરી શકાશે નહી તેમજ નહેરના બાંધકામને નુકશાન થાય તેવી પ્રવૃતિ કરી શકાશે નહી. તેમજ અન્ય શરતોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

આમુખ–૬ ના પત્રોથી મળેલ અહેવાલો મુજબ સવાલવાળી જમીન અંગે તેઓની કચેરીમાં સંપાદનની કોઈ કાર્યવાહી ચાલુમાં નથી.

મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૩૪/બ (સ.નં.૨૩, ૨૪, ૨૫) ની ૨૭૯૩ ચો.મી. જમીન અંગે હકકપત્રકમાં નીચે મુજબની ફેરફાર નોંધો પડેલ છે.

ક્રમ	નોંધ નંબર	તારીખ	નોંધની ટુંકી વિગત
			સ.નં.૨૩
૧	૧/૫૩		વેચાણની નોંધ
૨	૧૬	૩૦/૦૧/૫૩	તારણની નોંધ
૩	૨૫૨/૮		સં.ગ.દાખલની નોંધ
૪	૪૯૭	૩૦/૦૯/૬૪	આકાર દુરસ્તીની નોંધ
૫	૫૨૬	૨૦/૧૨/૬૪	ગણોત હકક કમીની નોંધ
૬	૭૫૧		લાગુ પડતી નથી
૭	૭૮૭	૧૬/૦૮/૭૫	સંયુકત નામે દાખલની નોંધ
૮	૮૪૮	૧૦/૦૬/૭૮	વહેંચણની નોંધ
૯	૧૦૨૭	૧૪/૦૮/૮૬	બોજા દાખલની નોંધ
૧૦	૧૦૯૯	૨૧/૦૬/૮૯	બોજા દાખલની નોંધ
			સ.નં.૨૪
૧	૫		લાગુ પડતી નથી
૨	૧/૫૪		વેચાણની નોંધ
૩	૧૬	૩૦/૦૧/૫૩	તારણની નોંધ
૪	૨૫૨/૮		સં.ગ.દાખલની નોંધ
૫	૨૭૦	૧૦/૧૦/૫૫	ટુકડો દાખલની નોંધ
૬	૪૯૭	૩૦/૦૯/૬૪	આકાર દુરસ્તીની નોંધ
૭	૫૩૧	૨૦/૧૨/૬૪	સં.ગ.કમીની નોંધ
૮	૭૫૧		લાગુ પડતી નથી
૯	૭૮૭	૧૬/૦૮/૭૫	સંયુકત નામે દાખલની નોંધ

૧૦	૮૪૮	૧૦/૦૬/૭૮	વહેંચણની નોધ
૧૧	૧૦૨૭	૧૪/૦૮/૮૬	બોજા દાખલની નોધ
૧૨	૧૦૯૯	૨૧/૦૬/૮૯	બોજા દાખલની નોધ
			સ.નં.૨૫
૧	૧૬	૩૦/૦૧/૫૩	તારણની નોધ
૨	૧/૫૪		વેચાણની નોધ
૩	૨૭૦	૧૦/૧૦/૫૫	ટુકડો દાખલની નોધ
૪	૪૯૭	૩૦/૦૯/૬૪	આકાર દુરસ્તીની નોધ
૫	૭૫૧		લાગુ પડતી નથી
૬	૭૮૭	૧૬/૦૮/૭૫	સંયુકત નામે દાખલની નોધ
૭	૮૪૮	૧૦/૦૬/૭૮	વહેંચણની નોધ
૮	૧૦૨૭	૧૪/૦૮/૮૬	બોજા દાખલની નોધ
૯	૧૦૯૯	૨૧/૦૬/૮૯	બોજા દાખલની નોધ
			બ્લોક નં.૩૪
૧	૧૧૨૦		લાગુ પડતી નથી
૨	૧૧૨૮	૦૫/૦૧/૯૧	બોજો દાખલની નોધ
૩	૧૧૪૬/૩	૦૯/૦૭/૯૨	બોજો દાખલની નોધ
૪	૧૨૦૧	૧૪/૧૧/૯૫	એવોર્ડની નોધ
૫	૧૨૩૨	૨૦/૦૯/૯૬	કે.જે.પી.ની નોધ
૬	૧૭૮૦	૨૫/૦૮/૦૮	વેચાણની નોધ
૭	૧૮૧૩	૨૩/૦૩/૦૯	સર્વે સુધારની નોધ
૮	૨૩૦૧	૧૨/૦૬/૧૪	બોજા મુકતીની કાચી નોધ

જો સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુસર બીનખેતી પરવાનગી આપવામાં આવશે તો, જે કોઈ શરતો પાળવાની થશે તે પાળવા અરજદારશ્રીએ સંમતિ જવાબ આપેલ છે. આર્કીટેકનું પ્રમાણપત્ર તથા સુચિત લે–આઉટ પ્લાન રજુ કરેલ છે. સુચિત લે–આઉટ પ્લાન બ્લોક નં.૧૯/બ, ૩૪/બ પૈ. અને ૩૫ ની જમીનોનો સંયુકત રજુ થયેલ છે. જેમાં બ્લોક નં.૩૪/બ ની જમીનમાં આર્કીટેકના સર્ટીફીકેટ પ્રમાણે નીચે મુજબ પ્લાનીગ દર્શાવેલ છે.

જમીનની વિગત	ક્ષેત્રફળ (ચો.મી.માં)
કોમન પ્લોટ	૨૭૯.૩૦
નેટ એરીયા	૨૫૧૩.૭૦
કુલ ક્ષેત્રફળ	૨૭૯૩.૦૦

ઉપરોક્ત હકીકત તથા રજુ થયેલ આધાર–પુરાવા તેમજ કેસના કાગળો જોતાં આ અંગે આમુખ–(૭) માં દર્શાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉક્ત આમુખ–(૨) થી (૬) ના અભિપ્રાયો ધ્યાને લઈ, સવાલવાળી જમીન રહેણાંક હેતુ માટે બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારશ્રીને સદરહું જમીનના રૂપાંતર કરની રકમ, બીનખેતી માપણી ફી તથા અન્ય ઉપકરો સરકારશ્રીમાં જમા કરાવવા અત્રેના તા.૧૩/૦૫/૨૦૧૪ ના પત્રથી જણાવતાં, અરજદારશ્રીએ રૂપાંતરકરની રકમ રૂા.૨૭,૯૩૦/– (અંકે રૂપિયા સત્યાવીસ હજાર નવસો ત્રીસ પુરા) તા.૧૬/૦૫/૨૦૧૪ ના રોજ જમા કરાવી અસલ ચલન, બીનખેતી માપણી ફી રૂા.૫,૧૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર એકસો પુરા) તા.૧૬/૦૫/૨૦૧૪ ના રોજ જમા કરાવી, અસલ ચલન તેમજ બે વર્ષનો એડવાન્સ વિ.ધારો + લોકલ ફંડ રૂા.૩,૧૪૫/– (અંકે રૂપિયા ત્રણ હજાર એકસો પિસ્તાલીસ પુરા) શિ.ઉપકર રૂા.૫૨૫/– (અંકે રૂપિયા પાંચસો પચ્ચીસ પુરા) તા.૧૩/૦૫/૨૦૧૪ ના રોજ તલાટીશ્રી, કલાલી દ્વારા સરકારશ્રીમાં વસુલ લેવાયેલ છે; તેની અસલ પહોંચો રજુ કરેલ છે.

ઉપર મુજબની હકીકત હોઈ, અરજદારશ્રીને મોજે કલાલી તા.વડોદરાના બ્લોક નં.૩૪/બ (સ.નં.૨૩, ૨૪, ૨૫) ની ૨૭૯૩ ચો.મી.જમીનની મુંબઈ જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ અન્વયે રહેણાંક હેતુ માટેનો બીનખેતીનો ઉપયોગ કરવા,નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

શ ર તો :–

(૧) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવેલ હોવો જોઈશે.

(૨) બાંધકામ શરૂ કરતાં પહેલા બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે,પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચીઠ્ઠીમેળવી શકશે નહી.

(૩) શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી. આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬) ઔદ્યોગિક હેતુ માટે મંજૂરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલા જિલ્લા ઉદ્યોગ અધિકારીશ્રીની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૮) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૯) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/ હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવાનું અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું 'ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૧) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદાર સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૩) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૫) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૬) અરજદારે/જ્યાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

અરજદારે ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો, શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

વધુમાં અરજદારશ્રીએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે.

(૧૭) બાંધકામ શરૂ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુરૂ કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિતમાં જાણ કરવી પડશે.

(૧૮) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે. તેમ કરવામાં ચુક થયે કલમ–૬૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને વસુલ ભરેલો વિ.ધારો વિગેરે કોઈપણ સંજોગોમાં પરત મેળવવાનો હકક રહેશે નહિં.આ અંગે અપીલનો સમય પૂરા થયા બાદ કોઈ હકક રહેશે નહિં.

(૧૯) રજાચિઠ્ઠિ,લેઆઉટ પ્લાન વિરૃધ્ધ બાંધકામ થયાનાં પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કબજેદારને ખર્ચે બાંધકામ દુર કરાવવામાં આવશે અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે. કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૦) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના "એમ" માં સનદ ભરી આપવાની રહેશે. તે વિરૃધ્ધ વર્તન થયાનાં પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે.ઉકત સનદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૨૧) જે હેતુનું બાંધકામ પુરૂ થયેથી એક માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધિકારીને કબજેદારે કરવાની રહેશે.

(૨૨) આ જમીનની જે હેતુ માટે પરવાનગી આપી છે તે હેતુ સિવાય અન્ય હેતુ માટે ઉપયોગ કરતાં પહેલાં કલેકટરશ્રીની પરવાનગી લેવાની રહેશે. તે વિરૃધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ–૬૭ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૩) " વરસાદી પાણીના ભૂર્ગભ વહન/સંચય માટે દર મકાન /બહુમાળી મકાન (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતા સત્તાતંત્રએ આપેલ મંજૂરી મુજબ) દીઠ એકના દરે પરકોલેટીંગ બોરની વ્યવસ્થા અચૂક કરવાની રહેશે. "

(૨૪) જમીન ધારકશ્રીએ સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી મંજુર થયેલ સુચિત નકશા અને રજાચિઠ્ઠી મુજબ બાંધકામ કરવાનું રહેશે. મંજુર થયેલ રજાચિઠ્ઠી તથા નકશાની નકલ દિન–૩૦ માં રજુ કરવાની રહેશે.

(૨૫) વુડાના જી.ડી.સી.આર ના ઝોનીંગ રેગ્યુલેશન મુજબ બાંધકામની પરવાનગી મેળવ્યા બાદ જ અરજદારે બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૨૬) આ જમીનનો વિશેષધારો રહેણાંકના કામે ૨૭૯૩ ચો.મી.નો દર ચો.મી.નાં ૦–૨૫ પૈસા પ્રમાણે રૂા.૬૯૮/– થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે તથા લોકલ ફંડ રૂા.૩૪૯/– અથવા પ્રવર્તમાન દરે તથા શિક્ષણ ઉપકર રૂા.૧૭૫/– વિશેષધારા ઉપરાંત ભરવાનો રહેશે. તે અંગે કોઠારૂપે પત્રક સામેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૭) સવાલવાળી જમીન અંગે અરજદારશ્રીએ રજુ કરેલ સુચિત લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રસ્તા પૈકીની જમીન, કાંમન પ્લોટની જમીન અને સહીયારા ઉપયોગ માટે ખુલ્લી રાખેલ જમીનનું કોઈપણ રીતે વેચાણ થઈ શકશે નહી.

(૨૮) ઉપરની કોઈપણ શરત અગર સનદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર અને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યું
મામલતદાર(બિનખેતી)
કલેકટર કચેરી,વડોદરા

કલેકટર
વડોદરા

સહી/–
(વિનોદ રાવ)
કલેકટર વડોદરા

પ્રતિ,
શ્રી પટેલ અશ્વિનભાઈ જશભાઈ
C/O એ–૩૦, શ્રીજી બંગ્લોઝ,
સન ફાર્મા રોડ, અટલાદરા,
વડોદરા.

<u>નકલ રવાના</u> :–

૧. મામલતદારશ્રી, વડોદરા (શહેર) દક્ષિણ તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૨. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન, ખંડેરાવ માર્કેટ, વડોદરા તરફ જાણ સારૂ.
૩. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, "વુડા સર્કલ", કારેલીબાગ, વડોદરા તરફ જાણ સારૂ.
૪. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર / સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટશ્રી નં.૧, ૨, ૩, ૪ વડોદરા તરફ...
૫. તલાટી કમ મંત્રીશ્રી કલાલી તા.વડોદરા તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારૂ તથા ગામ દફતરે ઉપરોક્ત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.
૬. જન સેવા કેન્દ્ર,કલેકટર કચેરી,વડોદરા તરફ જરુરી કાર્યવાહી કરવા સારુ.
(BAR CODE NO. VDR 26830)
૭. રેકર્ડ શાખા
૮. સિલેકટ ફાઈલ

મોજે કલાલી. તા.વડોદરાના બ્લોક નં.૩૪/બ (સ.નં.૨૩, ૨૪, ૨૫) ની ૨૭૯૩ ચો.મી.જમીનની રહેણાંકના હેતુ માટે બીનખેતીની પરવાનગીનું પત્રક

બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનો સ.નં., ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ			બીનખેતીની પરવાનગી માંગેલ જમીનનું ક્ષેત્રફળ	નિયમ મુજબ લેવાનો વિશેષ ધારાની રકમ	વસુલ કરવાની વિશેષ ધારાની રકમ (૦.૨૫ પૈસા.પ્રતિ ચો.મી.)	રૂપાંતરકર લેવાની વિગત (૧૦/– પ્રતિ ચો.મી.)	લોકલ ફંડની વિગત (૦.૫૦ પૈ. વિ.ધારાના)	શિક્ષણ ઉપકરની રકમ (૦.૨૫ પૈ. વિ.ધારાના)	કોલમ–૪ નો વિ.ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત
૧			૨	૩	૪	૫	૬	૭	૮
મોજે કલાલી તા.વડોદરા			ચો.મી. ૨૭૯૩ (રહેણાંક)	રહેણાંક ના હેતુના દરે દર ચો.મી. ના ૦.૨૫ પૈસા પ્રમાણે	રૂ. પૈસા ૬૯૮/– (અંકે રૂપિયા છસો અઠાણું પુરા)	રૂ. પૈસા ૨૭,૯૩૦/– (અંકે રૂપિયા સત્યાવીસ હજાર નવસો ત્રીસ પુરા)	રૂ. પૈસા ૩૪૯/– (અંકે રૂપિયા ત્રણ હજાર ઓગણ પચાસ પુરા)	રૂ. પૈસા ૧૭૫/– (અંકે રૂપિયા એકસો પંચોતેર પુરા)	હુકમની તારીખના વર્ષથી
બ્લોક નંબર	સર્વે નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)							
૩૪/બ	૨૩	૨૭૯૩							
	૨૪								
	૨૫								
કબજેદારશ્રી :– શ્રી પટેલ અશ્વિનભાઈ જશભાઈ									

નોંધ :– રૂપાંતરકરની રકમ રૂ.૨૭,૯૩૦/– (અંકે રૂપિયા સત્યાવીસ હજાર નવસો ત્રીસ પુરા) તા.૧૬/૦૫/૨૦૧૪ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં "૦૦૩૫" સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે.

રવાના કર્યુ

મામલતદાર (બિનખેતી)
કલેક્ટર કચેરી, વડોદરા

સહી/–
(વિનોદ રાવ)
કલેક્ટર વડોદરા